# ક્રાંતિકારી સંત :
# રંગ અવધૂત



**ઈ.સ. ૧૮૯૮ - ઈ.સ. ૧૯૬૮**
**રંગ અવધૂત**

ખુલ્લં ખુલ્લા મહાસભાને અબ કી બાર પુકારા હૈ
દૂર હટો દૂર હટો દૂર હટો અય ટોપીવાલે હિન્દુસ્થાન હમારા હૈ...

સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ઘેર ઘેર ગવાતું આ ગીત કોણે લખ્યું હતું એ જાણો છો ?

જવાબ છે : રંગ અવધૂત.... ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક અને અમદાવાદની રાષ્ટ્રીય શાળાના શિક્ષક એવા રંગ અવધૂતે આ ગીત રચ્યું એની પાછળ એક કથા છે. કથા આ પ્રમાણે છે : એક રાત્રે રંગ અવધૂતને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એમણે નર્મદા નદીના ઓવારે સૂતેલાં ડોશીમાને જોયાં. ડોશીમાના હાથ અને પગમાં બેડી હતી. એ પોતાને બેડીમાંથી છોડાવવા વિનંતી કરી રહ્યાં હતાં. રંગ અવધૂતને એવું લાગ્યું કે એ ડોશીમા બીજું કોઈ નહીં પણ ભારતમાતા છે અને પોતાને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવા આજીજી કરી રહ્યાં છે ! રંગ અવધૂતે ભારતમાતાને બંધનમુક્ત કર્યાં.... બસ ! સ્વપ્ન પૂરું થયું અને રંગ અવધૂતના હાથે 'હિંદુસ્થાન હમારા હૈ' ગીત રચાયું. જોમજુસ્સો પ્રકટાવતા આ ગીતની અંતિમ પંક્તિઓમાં એમણે લખ્યું છે :

ગાંધી હૈ સરદાર હમારા, શસ્ત્ર અહિંસા કે કાતિલ
ખુદા મદદ મેં જીત હમારી, તૂટી દેખો યહ જંજીર...

રંગ અવધૂત સંત હતા. પણ ક્રાંતિકારી હતા. એમના હૈયામાં દેશપ્રેમ ભારોભાર છલકતો હતો. આઝાદીની ચળવળમાં પણ એમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. એ પિકેટિંગ કરતા. ગાંધીજીની દાંડીકૂચમાં અમદાવાદથી અસલાલી સુધી જોડાયા હતા. એ અહિંસામાં માનતા પણ દેશના રક્ષણ માટે શસ્ત્ર ઉઠાવવાની એમની તૈયારી હતી. એકવાર નારેશ્વરમાં એમણે રાયફલ કૅમ્પ યોજ્યો હતો. હાથમાં રાયફલ લઈને ઘોડો દબાવીને કૅમ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું !

> રંગ અવધૂત સંત હતા પણ ક્રાંતિકારી હતા, આઝાદીની ચળવળમાં પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી, ગાંધીજીની દાંડીકૂચમાં તેઓ અમદાવાદથી અસલાલી સુધી જોડાયા હતા.

રંગ અવધૂતનું મૂળ નામ પાંડુરંગ વિઠ્ઠલ વળામે. વતન મહારાષ્ટ્રના રત્નાગીરીનું દેવળ ગામ, પણ જન્મ ગુજરાતના ગોધરામાં. સંવત ૧૯૫૫ની કારતક સુદ નોમે અને ઈ.સ. ૧૮૯૮ની ૨૧મી નવેમ્બરે માતા રુક્મિણીની કૂખે પાંડુરંગનું અવતરણ થયું. એ અરસામાં ગોધરામાં પ્લેગ ફાટી નીકળ્યો એટલે વિઠ્ઠલ અને રુક્મિણી નવ દસ દિવસના પાંડુરંગને લઈને વનમાં જઈ વસ્યાં. જન્મતાં જ ભગવાને જંગલ દેખાડ્યું !

પાંડુરંગ માંડ પાંચ વર્ષનો હશે ત્યારે પિતા વિઠ્ઠલ પંતનું અવસાન થયું. રુક્મિણી આઘાતથી ભાંગી પડી પણ તૂટી નહીં. એ હિંમતવાન હતી. બાવડાના બળે એણે પાંડુરંગને ઉછેર્યો. બાળ પાંડુરંગના મનમાં માતા માટે અનહદ પ્રેમ હતો. એના માટે તો મા જ ભગવાન હતી. એ દઢપણે માનતો કે, મા એ મા બીજાં બધાં વગડાના વા....

રુક્મિણી માટે પણ પાંડુરંગ જ સર્વસ્વ હતો. એની દુનિયા પાંડુરંગ પર શરૂ થઈને પાંડુરંગ પર જ પૂરી થતી હતી. પિતા વગરના બાળકને કોઈ વાતની મણા ન રહે એની કાળજી રાખતા હતા. પાંડુરંગ આઠેક વર્ષનો થયો ત્યારે રુક્મિણી એને દેવળ ગામે લઈ ગઈ, દીકરાને જનોઈ દીધી અને તીર્થયાત્રા કરાવી. મા દીકરો યાત્રા કરતાં કરતાં કોલ્હાપુર પહોંચ્યાં. ત્યાં એક રાત્રે પાંડુરંગને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક તેજસ્વી આકૃતિએ દર્શન દઈને કહ્યું : 'પોથી વાંચ ! પોથી વાંચ !'

બાળ પાંડુરંગની આંખો ખૂલી ગઈ. એ સાથે જ સ્વપ્ન ઝાકળની જેમ ઊડી ગયું. પણ પેલા 'પોથી વાંચ' શબ્દો કાળજામાં કોતરાઈ ગયા. આ ઘટનાના થોડા સમય બાદ પાંડુરંગના મામા ઘેર આવ્યા. મામાએ રુક્મિણીને કહ્યું : 'બહેન, મારાથી હવે નિયમ સાચવીને શિરડીના સાઈબાબાએ આપેલી 'ગુરુચરિત્ર' પોથીનો પાઠ થતો નથી. તેથી કોઈ તેનો નિયમિત પાઠ કરનાર મળે તો મારે પોથી એને દઈ દેવી છે.'

પાંડુરંગે 'પોથી' શબ્દ સાંભળ્યો કે એને પેલો સ્વપ્નનો આદેશ યાદ આવ્યો. એ તરત બોલી ઊઠયો : 'મામા, એ પોથી મને આપો. હું એનો નિયમિત પાઠ કરીશ !'

પાંડુરંગે પ્રેમથી પોથી લીધી ને માનપૂર્વક માથે અડાડી. પોથી હાથમાં લેતાં એનાં રોમ રોમમાં આનંદની લહેર દોડી ગઈ. એને એવું લાગ્યું કે, હવે પછી સ્વપ્ન જ એના જીવનને નવી દિશા આપશે, નવો વળાંક આપશે!

ખરેખર એમ જ થયું. પાંડુરંગના જીવનને ફરી એકવાર સ્વપ્નએ જ નવો વળાંક આપ્યો. બાળ પાંડુરંગના સ્વપ્નમાં તેજસ્વી આકૃતિએ દેખા દઈને 'પોથી વાંચ'નો આદેશ આપ્યો હતો. જ્યારે યુવાન પાંડુરંગના સ્વપ્નમાં ટેમ્બે મહારાજ નામે જાણીતા પરમહંસ વાસુદેવાનંદ સરસ્વતીએ દર્શન દઈને આજ્ઞા આપી : દત્તપુરાણના ૧૦૮ પારાયણ કર....! સ્વપ્નમાં સૂચના મળી એ પહેલાં પાંડુરંગે 'દત્તપુરાણ' નામ સાંભળ્યું નહોતું, પણ જેણે આદેશ કર્યો છે તે જ ગ્રંથની વ્યવસ્થા કરશે એવી શ્રધ્ધાથી તેમણે શોધ ચલાવી. આખરે ભરૂચમાં રહેતા કલ્યાણભાઈ પાસેથી એમને ગ્રંથની હસ્તપ્રત મળી અને તલાશ પૂરી થઈ.

> પાંડુરંગના જીવનને ફરી એકવાર સ્વપ્નએ જ નવો વળાંક આપ્યો. બાળ પાંડુરંગના સ્વપ્નમાં તેજસ્વી આકૃતિએ દેખા દઈને 'પોથી વાંચ'નો આદેશ આપ્યો હતો. જ્યારે યુવાન પાંડુરંગના સ્વપ્નમાં ટેમ્બે મહારાજ નામે જાણીતા પરમહંસ વાસુદેવાનંદ સરસ્વતીએ દર્શન દઈને આજ્ઞા આપી : દત્તપુરાણના ૧૦૮ પારાયણ કર....! સ્વપ્નમાં સૂચના મળી એ પહેલાં પાંડુરંગે 'દત્તપુરાણ' નામ સાંભળ્યું નહોતું, પણ જેણે આદેશ કર્યો છે તે જ ગ્રંથની વ્યવસ્થા કરશે એવી શ્રધ્ધાથી તેમણે શોધ ચલાવી.

દત્તપુરાણ તો મળ્યું, હવે પારાયણ કરવાનું હતું. પાંડુરંગ એકાંત માટે નર્મદા તટની શોધમાં નીકળ્યા. ફરતા ફરતા રણાપુર ગામે આવ્યા. રણાપુરથી સાત માઈલ દૂર આવેલા પ્રાચીન શિવાલય નારેશ્વર પહોંચ્યા. સંવત ૧૯૮૧ અને માગશર વદ ત્રીજને વર્ષ ૧૯૨૫. પાંડુરંગે શિવાલયની સામે લીમડા નીચે મુકામ કર્યો. નારેશ્વર સાત ગામનું સ્મશાન. આસપાસ ભયંકર ઝાડીઝાંખરાં. રોજ સાપ ને વીંછીનાં દર્શન થાય. અહીં બ્રહ્મચારી પાંડુરંગે દત્તપુરાણનું પારાયણ શરૂ કર્યું. આ જ અરસામાં પોતાનાં નામમાંથી પાંડુ શબ્દ દૂર કરી, પોતાની અવધૂત કક્ષાને રંગ શબ્દ સાથે જોડીને રંગ અવધૂત તરીકે જાણીતા થયા.

ધીમે ધીમે રંગ અવધૂત અને નારેશ્વર એકમેકના પર્યાય બની ગયા. રંગ અવધૂત અહીં પારાયણ કરી રહ્યા હતા ત્યારે અદ્‌ભુત અને રમણીય કહી શકાય તેવું દશ્ય સર્જાયું. એક બાજુ રંગ અવધૂત દત્તની આરાધના કરતા હતા ને બીજી બાજુ જુઓ તો બે મોરની વચમાં કાળો નાગ ફેણ ઊંચી કરીને બેઠો હતો ! ચાર મહિના આમ લીમડા નીચે વહી ગયા. અવધૂતનો આ લીમડો ભક્તોને માટે ભગવાન બુદ્ધના બોધિવૃક્ષ જેવો બની રહ્યો. કડવો મટી એ મીઠો બની ગયો !

રંગ અવધૂતના સહવાસમાં લીમડો કડવો મટીને મીઠો બની ગયો, જ્યારે મગર મીંદડી જેવા બની ગયા. બન્યું એવું કે એકવાર રંગ અવધૂત નર્મદામાં છાતીસમાણા પાણીમાં ઊભા રહી જપ કરતા હતા, ત્યાં ત્રણ બાજુથી મગર દોડતા આવ્યા. કિનારે ઊભેલા લોકોએ બૂમાબૂમ કરી મૂકી. પણ રંગ અવધૂત ન ડર્યા, ન ડગ્યા. એમણે મગરો તરફ પાણીની અંજલિ છાંટતાં કહ્યું : 'દેવો, તમે દર્શન દેવા આવ્યા હો તો મને દર્શન થઈ ગયાં અને દર્શન કરવા આવ્યા હો તો તમને દર્શન થઈ ગયાં, માટે હવે પાછા ફરો !'

અને, લોકોના આશ્ચર્ય વચ્ચે મહાકાય મગરો ડાહ્યાડમરા બનીને પાછા વળી ગયા.

સાચા સંત સિવાય આવો ચમત્કાર બીજું કોણ કરી શકે ?

## સ્પષ્ટવક્તા પાંડુરંગ

*પાંડુરંગ નીડર અને સ્પષ્ટવક્તા હતા. સાચાબોલા અને આખાબોલા હતા. સાચી વાત હોય ત્યારે કોઈની શેહશરમ ન રાખતા ને ભલભલાને જવાબ આપી દેતાં અચકાતા નહીં. પુરાવો જોઈતો હોય તો મેટ્રિકની મૌખિક પરીક્ષા લેવા આવેલા ગુજરાત કૉલેજના પ્રાચાર્ય રોબર્ટસન અને પાંડુરંગ વચ્ચેનો આ સંવાદ વાંચો :*

*રોબર્ટસન : તમે બ્રાહ્મણો કાંધ પર જનોઈ કેમ રાખો છો ?*

*પાંડુરંગ : આપ સાહેબ કોલર અને ટાઈ કેમ પહેરો છો ?*

*રોબર્ટસન : કોલર અને ટાઈ મારા ધર્મનાં ઉત્તમ ચિહ્નો છે અને હું ખ્રિસ્તી છું એવું મને યાદ અપાવે છે.*

*પાંડુરંગ : આ જનોઈ હું હિંદુ બ્રાહ્મણ છું એવું મને યાદ કરાવે છે.*

*રોબર્ટસન : જનોઈ ન પહેરો તો હિંદુ બ્રાહ્મણ તરીકે મટી જશો ?*

*પાંડુરંગ : કોલર-ટાઈ ન પહેરો તો તમે ખ્રિસ્તી તરીકે મટી જશો ?*

*રોબર્ટસનના એકાદ મિનિટના મૌન પછી...*

*રોબર્ટસન : તમે મુંડન શા માટે કરાવ્યું છે ? એનો શું ફાયદો ?*

*પાંડુરંગ : પહેલો ફાયદો આર્થિક ! દર મહિને વાળ ન કપાવવા પડે તેથી ખર્ચ બચે અને બીજો ફાયદો મગજ ઠંડું રહે અને વિચારો સારા આવે તે !*

*રોબર્ટસન : ખરેખર ?*

*પાંડુરંગ : આપ પ્રયોગ કરી જુઓ સાહેબ ! હું ખોટો પડું તો મને નાપાસ કરજો !*

*અને સાહેબે પાંડુરંગને પહેલા નંબરે પાસ કર્યો.*